**Enrollment No: ____________________** **Exam Seat No: ____________________**

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2018

**Subject Name: Accounting & Finance-II**

**Subject Code: 4CO02AFI1** **Branch: B.Com (Gujarati)**

**Semester: 2** **Date: 11/05/2018** **Time: 10:30 To 01:30** **Marks: 70**

Instructions:

1. (1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
2. (2) Instructions written on main answer book are strictly to be obeyed.
3. (3) Draw neat diagrams and figures (if necessary) at right places.
4. (4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** કયા સંજોગોમાં સોલીસીટર્સ હિસાબો રોકડના ધોરણે રાખે છે? 1

(A) નવા ભાગીદારને પ્રવેશ આપતા સમયે.

(B) પાઘડીના મૂલ્યાંકન સમયે.

(C) વર્તમાન પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે ત્યારે.

(D) નફા-નુકશાનનાં પ્રમાણમાં ફેરફાર થાય ત્યારે.

**b)** નીચેના શબ્દોમાંથી કયો શબ્દ ડોક્ટરનાં હિસાબો માટે બંધબેસતો નથી. 1

(A)દવાનો ખર્ચ (B)ઓડિટ ફી

(C)નર્સનો પગાર (D)કંપાઉન્ડરનો પગાર

**c)** ઉઘરાણીની મળેલ રકમ શોધવા માટે ખાતુ બનાવવું પડે છે? 1

(A)લેણદારનું ખાતુ (B)ફર્નિચરનું ખાતુ

(C)પેટારોકડનું ખાતુ (D)દેવાદારનું ખાતુ

**d)** શાખા ખાતુ એ કયા પ્રકારનું ખાતું છે? 1

(A)માલ મિલકત ખાતુ (B)વ્યકિત ખાતુ

(C)ઉપજ-ખર્ચ ખાતુ (D)ઉપરમાંથી કોઇપણ નહિ

**e)** માર્ગસ્થ રોકડની આમનોંધ લખતી વખતે શાખા કોના ખાતે જમા કરે છે? 1

(A)રોકડ ખાતે (B)શાખા ખાતે

(C) માલ મિલકત ખાતે (D) મુખ્ય ઓફિસ ખાતે

**f)** જૂના કાટમાળની ઉપજ પુન:સ્થાપનાના હિસાબોમાં નીચેના ખાતે જમા થાય છે? 1

(A) મૂડી ખાતે (B)મહેસૂલી ખાતે

(C) રોકડ ખાતે (D) પુન:સ્થાપના ખાતે

**g)** પુન:સ્થાપનાનાં હિસાબોમાં વધારાની મિલકતનાં બાંધકામ અંગેનું ખર્ચ ગણાય છે? 1

(A) મૂડી ખર્ચ (B)રોકડ ખર્ચ

(C)મહેસૂલી ખર્ચ (D) પરચૂરણ ખર્ચ

**h)** પેટારોકડની શરૂઆતની બાકી રૂ 300, આખરની બાકી રૂ 150 અને મુખ્ય ઓફિસેથી મળેલ પેટારોકડ રૂ 300 હોય તો પરચૂરણ ખર્ચ કેટલા રૂ થયો હશે? 1

(A)350 (B)250 (C)450 (D)150

**i)** મૂડીમાળખાના મુખ્ય પ્રકારો કેટલા છે? 1

(A)પાંચ (B)બે (C)ત્રણ (D)ચાર

**j)** મૂડીમાળખામાં પ્રતિબિંબિત થતા વિવિધ પ્રકારના ભંડોળોના પ્રમાણને શુ કહી શકાય? 1

(A)મૂડીરોકાણ (B)મૂડીમાળખુ

(C)મૂડીની પડતર (D)મૂડીસર્જન

**k)** એક જ ધંધાના વિવિધ હિસ્સાઓ અલગ અલગ સ્થળે ધંધાકીય કાર્ય કરે તો તેને.... 1

(A)ખાતા તરીકે ઓળખવામાં આવે છે

(B)શાખા તરીકે ઓળખવામાં આવે છે

(C)આડતમાલ તરીકે ઓળખવામાં આવે છે

(D)રાશ તરીકે ઓળખવામાં આવે છે

**l)** પરતંત્ર શાખામાં સ્વતંત્ર શાખાની સરખામણીએ સતાનું વિકેન્દ્રીકરણ......... 1

(A)ઓછુ હોય છે (B)વધુ હોય છે

(C)સમાન હોય છે (D)ઉપરના A,B,C એકપણ સાચા નથી

**m)** મુખ્ય ઓફિસ તેની શાખાને મૂળકિંમત પર 25% ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે તેથી નફો ભરતિયા કિંમતનાં............ ટકા થાય. 1

(A)20 % (B)25 % (C)30 % (D)40 %

**n)** જેઓ મૂડી પૂરી પાડે છે તેઓની ધારણા પ્રમાણેના દરને શુ કહેવામાં આવે છે? 1

(A)મૂડીકરણ (B)મૂડીમાળખુ

(C)મૂડીસર્જન (D)મૂડી પડતર

**Q-2** **Attempt all questions** **(14)**

**A** મૂડીપડતરના આવશ્યક લક્ષણો સમજાવો 7

**B** મૂડીપડતરનું મહત્વ જણાવો. 7

**Q-3** **Attempt all questions** **(14)**

**A** સોલીસીટર્સ કું જયનું તા. 31-03-2004 ના રોજનું કાચું સરવૈયું તથા હવાલા નીચે આપેલા છે. તે પરથી તેના વાર્ષિક હિસાબો બનાવો : **14**

કાચું સરવૈયું

| ઉધાર બાકી | રકમ રૂ | જમા બાકી | રકમ રૂ |
|---|---|---|---|
| લાયબ્રેરી પુસ્તકો | 42,000 | મૂડી | 20,000 |
| ઓફિસ સાધનો | 25,000 | બાકી ફી અનામત (1-4-03) | 11,000 |
| મકાન | 80,000 | ફી | 1,93,000 |
| ઓફિસ ખર્ચાઓ | 20,000 | શિખાઉ ઉમેદવારનું પ્રીમિયમ | 10,000 |
| પગાર અને ભથ્થાંઓ | 30,000 | ચૂકવવાનાં બાકી પગાર | 3,000 |
| બેંક : ઓફિસ<br>અસીલ | 10,000<br>8,000 | | |
| રોકડ સિલક | 5,000 | | |
| ફીના દેવાદારો | 15,000 | | |
| અસીલના પરચૂરણ ખર્ચા | 2,000 | | |

હવાલાઓ :

(1) પુસ્તકો, ઓફિસ, સાધનો તથા મકાન પર 10% ઘસારો ગણો.

(2) ઓફિસ ખર્ચા રૂ 500 નો સમાવેશ ભૂલથી અસીલોના પરચૂરણ ખર્ચમાં થયેલ છે.

(3) મૂડી પર 20% વ્યાજ ગણવાનું છે.

(4) શિખાઉ ઉમેદવારનું ½ ભાગનું પ્રીમિયમ ચાલુ સાલનું ગણવાનું છે.

(5) અસીલો પાસેથી રૂ 3,000 એડવાન્સમાં ફી મળેલ છે. જેના સમાવેશ ભૂલથી ફીના બિલોમાં થયેલ છે.

**Q-4**

મોરબીના S બ્રધર્સની પાટણમાં એક સ્વતંત્ર શાખા છે. તેનું તા. 31-12-2009ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે ; **14**

| વિગત | ઉધાર બાકી | જમા બાકી |
|---|---|---|
| માલનો સ્ટોક તા. 1-1-2009 | 25,000 | |
| માલની ખરીદી અને વેચાણ | 1,00,0000 | 2,00,000 |
| મુખ્ય ઓફિસેથી મળેલ માલ | 75,000 | |

| | | |
|---|---|---|
| ખરીદપરત અન વેચાણપરત | 5,000 | 10,000 |
| મુખ્ય ઓફિસનું ખાતું | | 50,000 |
| દેવાદાર અને લેણદારો | 30,000 | 20,0000 |
| રોકડ-બેંક સિલક | 25,000 | |
| પગાર | 28,000 | |
| ભાડું | 5,000 | |
| વટાવ | 4,000 | 3,000 |
| નૂર અને ભાડુ | 3,000 | |
| પરચૂરણ આવક | | 17,000 |
| | 3,00,000 | 3,00,000 |

વધારાની માહિતી

(1) તા. 31-12-2009 ના રોજ માલનો સ્ટોક રૂ 50,000 હતો.

(2) તા. 28-12-2009 ના રોજ મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ રૂ 10,000 નો માલ શાખાને તા. 3-1-2010 ના મળ્યો હતો.

(3) તા. 29-12-2009 ના રોજ મુખ્ય ઓફિસને મોકલેલ રૂ 5,000 ની રોકડ મુખ્ય ઓફિસને તા. 2-1-2010 ના રોજ મળી હતી.

(4) શાખાના ફર્નિચરનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે રાખવામાં આવે છે. શાખાના ફર્નિચર પર 2,000 ઘસારો માંડી વાળવાનો છે.

ઉપરની માહિતી પરથી પાટણ શાખાના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**Q-5** **Attempt all questions** **(14)**

**A** ટૂંકનોંધ : મૂડીમાળખામાં ફેરફાર **7**

**B** આદર્શ મૂડીમાળખાના લક્ષણો સમજાવો. **7**

**Q-6** **Attempt all questions** **(14)**

**A** A ગેસ કંપની પોતાના કારખાનાના અમુક ભાગને રૂ 8,00,000ના ખર્ચે પુન:બાંધકામ અને સજાવટ કરવામાં આવ્યો. આ જૂના ભાગના કારખાનાની કિંમત રૂ 5,00,000 હતી. જૂની માલસામગ્રીના વેચાણના રૂ 30,000 ઊપજ્યા છે અને રૂ 20,000 ની કિંમતની જૂની માલસામગ્રીનો નવા બાંધકામમાં ઉપયોગ કરવામાં આવેલો છે, જેનો ઉપર જણાવેલ રૂ 8,00,000ના ખર્ચમાં સમાવેશ થાય છે. જૂનું કારખાનું બંધાયું હતું તે કરતા અત્યારે માલસામાન અને મજૂરીની કિંમત અનુક્રમે 25% અને 17.5% વધુ છે. અત્યારે તે વખતે માલસામગ્રી અને મજૂરી ખર્ચનું પ્રમાણ 3:2 નું છે. **7**

આ અંગે જરૂરી આમનોંધ લખો અને મૂડીખર્ચ તથા મહેસૂલી ખર્ચની

ફાળવણી કરો.

**B** તફાવત સમજાવો : સ્થાનિક શાખા અને વિદેશી શાખા **7**

**Q-7** **Attempt all questions** **(14)**

**A** તફાવત સમજાવો : રોકડ પધ્ધતિ અનુસાર હિસાબ અને વેપારી પધ્ધતિ અનુસાર હિસાબ **7**

**B** અંકલેશ્વર બસ સ્ટેશનની જૂની કિંમત રૂ 2,00,000 છે. હાલમાં માલસામાનની કિંમતમાં 10% વધારો થયો છે. બસ સ્ટેશનનું પુન:બાંધકામનું ખર્ચ રૂ 3,00,000 છે. આ ઉપરાંત રૂ 10,000 ની કિંમતનો જૂનો માલ નવા બાંધકામમાં વાપરેલો છે. ખર્ચની ફાળવણી દર્શાવો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**A** પુન: સ્થાપના ખર્ચની મૂડી અને મહેસૂલી ખર્ચમાં ફાળવણી દર્શાવતું પત્રકનો નમૂનો દર્શાવો. **10**

**B** મુખ્ય ઓફિસના ચોપડે નીચેના વ્યવહારોની આમનોંધ લખો. **4**

(1) શાખાના ઉપયોગમાં લેવાતા કમ્પ્યૂટરનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે રાખેલ છે. કમ્પ્યૂટર પર 10,000 નો ઘસારો ગણો.

(2) મુખ્ય ઓફિસે મોકલેલ પણ શાખાને હિસાબી વર્ષ પુરુ થતા સુધીમાં નહી મળેલ રૂ 1,500

(3) શાખાએ મોકલેલ પણ હિસાબી વર્ષ પુરુ થતા સુધીમાં મુખ્ય ઓફિસને ન મળેલ રૂ 1,200 નો બેન્કડ્રાફ્ટ.

(4) શાખાને પેટારોકડ પેટે મુખ્ય ઓફિસે રૂ 3,000 મોકલ્યા.